# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-03-2025 Day: Wenesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-મહાકુંભ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, પ્રયાગરાજ મહાકુંભમાં વિવિધતામાં એકતાની ભાવનાના દર્શન થયા. લોકસભામાં મહાકુંભ પર નિવેદન આપતા શ્રી મોદીએ કહ્યું કે, મહાકુંભ એ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે જાગૃત રાષ્ટ્રની ભાવનાને રજૂ કરે છે. શ્રદ્ધા અને વારસા સાથે જોડાવાની ભાવના આજના ભારતની સૌથી મોટી સંપત્તિ છે.

**------------------------------------------------------------------------------------------**

## આઇ ખેડૂત પોર્ટલ

રાજ્યમાં આઈ-ખેડૂત પોર્ટલને મળેલી સફળતા બાદ તેને વધુ કાર્યક્ષમ અને ખેડૂત ઉપયોગી બનાવીને આગામી સમયમાં “આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦” કાર્યરત કરવામાં આવશે.

વિધાનસભા ગૃહમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે આ જાહેરાત કરી હતી. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચામાં કૃષિ મંત્રીએ જણાવ્યું કે, છેલ્લા બે દાયકામાં રાજ્યના બાગાયતી પાકોનો વિસ્તાર 10 લાખ હેક્ટરથી વધીને 22 લાખ હેક્ટર અને ઉત્પાદન 94 લાખ મેટ્રીક ટનથી વધીને 269 લાખ મેટ્રીક ટન નોંધાયું છે.

તેમણે જણાવ્યું કે, છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં 16 લાખ ખેડૂતો પાસેથી 16 હજાર કરોડ રૂપિયાનાં મૂલ્યનો ૩૦ લાખ મેટ્રિક ટન જથ્થો ટેકાના ભાવે ખરીદવામાં આવ્યો છે.

કૃષિ મંત્રીએ કૃષિ ક્ષેત્રના વિકાસ માટે ડિજિટલાઈઝેશન, ખેડૂત કલ્યાણ, પાક સંરક્ષણ, કૃષિ યાંત્રિકીકરણ અને ઉજ્જવળ ભવિષ્ય માટેની કૃષિ એમ કુલ પાંચ આયામોની વિસ્તૃત માહિતી આપી હતી.

ચર્ચાને અંતે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## વિધાનસભા-માહિતી અને પ્રસારણ વિભાગ

વિધાનસભા ગૃહમાં માહિતી અને પ્રસારણ વિભાગની ૨૩૨ કરોડ ૯૭ લાખ રૂપિયાની અંદાજપત્રીય માંગણીઓ મંજૂર કરવામાં આવી હતી.

આ અંગે મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની વિકાસયાત્રાને માહિતી અને પ્રસારણ વિભાગ સમગ્ર વિશ્વમાં ઉજાગર કરી રહ્યો છે. માહિતી વિભાગની નવીન પહેલ 'મારી યોજના પોર્ટલ' ગુજરાત અને ભારત સરકારની ૬૮૦ થી વધુ યોજનાઓની માહિતી એક જ ક્લિકમાં ઉપલબ્ધ કરાવે છે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારના ૨૧ વિભાગોમાં પી.આર. કમ સોશિયલ મીડિયા યુનિટ અને દરેક જિલ્લામાં સોશિયલ મીડિયા સેલ સ્થાપવામાં આવશે. આ ઉપરાંત, ૭૪ કચેરીઓ ખાતે ડિજિટલ ડિસ્પ્લે ગોઠવીને નાગરિકોને જનહિતલક્ષી યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## નાણામંત્રી-પેટ્રોલ-ડીઝલ

નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલના વેરાના દરમાં ઘટાડાથી નાગરિકોને છેલ્લા બે વર્ષમાં અનુક્રમે ૩ હજાર ૧૯૪ કરોડ  રૂપિયા તથા ૧ હજાર ૬૨૬ કરોડ રૂપિયાનો લાભ થયો.

સરકારે નવેમ્બર ૨૦૨૧ના રોજ પેટ્રોલ પરના વેરાનો દર ૨૦.૧૦ ટકાથી ઘટાડીને ૧૩.૭ ટકા કર્યો છે. જયારે ડિઝલ ઉપરના વેરાનો દર પણ ૨૦.૨૦ ટકાથી ઘટાડીને ૧૪.૯ ટકા કર્યો છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્ય સરકારે આ વેરાના દરમાં કોઇ પણ પ્રકારનો વધારો કર્યો નથી.

---------------------------------------------------------------------------------------

## સૌરાષ્ટ્ર-કચ્છ પેસેન્જર ટ્રેન

સૌરાષ્ટ્ર કચ્છ વચ્ચે લાંબા સમયથી ટ્રેનની માંગ પૅસેન્જરોમાં ઉઠી રહી હતી, આ માંગણીના યોગ્ય અભ્યાસના અંતે રેલવે તંત્ર દ્વારા આગામી 21મીથી ત્રણ મહિના માટે દરરોજ ટ્રાયલ બેઝ ઉપર ટ્રેન શરૂ થશે. આ અંગે રેલવે બોર્ડ દ્વારા સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું છે.

રાજકોટથી આ ટ્રેન બપોરે 2 ને 30 મિનિટે ઉપડશે અને રાત્રે 9 ને 40 મિનિટે ભુજ પહોંચશે. વળતી ટ્રીપ બીજા દિવસે સવારે ભુજથી 6 ને 50 મિનિટે ઉપડશે અને રાજકોટ બપોરે 1 ને 35 મિનિટે પહોંચશે. આ ટ્રેન રાજકોટ અને ભુજ વચ્ચે મોરબી દહીંસરા, માળીયા, સામખીયાળી ભચાઉ અને ગાંધીધામ સ્ટેશનો પર રોકાશે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ-હવામાન

કચ્છમાં મહત્તમ પારો ગગડતાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીમાં રાહત જોવા મળી રહી છે. આ વચ્ચે હવામાન વિભાગે શનિવારથી **ફરી** એકવાર ગરમીનું પ્રમાણ વધવાની અને મહત્તમ પારો 40 ડિગ્રીએ પહોંચવાની આગાહી કરી છે. જિલ્લામાં મહત્તમ પારામાં ઉતાર-ચડાવ યથાવત્ રહ્યો હતો. ભુજ અને કંડલા **એરપોર્ટ**માં 37 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. નલિયામાં 16 ડિગ્રી, તો અન્ય મથકોમાં લઘુતમ પારો 20થી 22 ડિગ્રી નોંધાયો હતો.

---------------------------------------------------------------------------------------

## કચ્છ-શિક્ષકોની ખાસ ભરતી

કચ્છમાં શિક્ષકોની ઘટને નિવારવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય કચ્છની પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1થી 5 સુધીમાં 2500 શિક્ષકોની તેમજ ધોરણ 6થી 8માં 1600 શિક્ષકો મળી કુલ 4100 શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લીધો છે. તેમજ આ શિક્ષકો કાયમી કચ્છ જિલ્લામાં જ ફરજ બજાવશે અને બદલી નહીં કરાવી શકે તેવી શરત સાથે ભરતી કરવામાં આવશે.

જિલ્લાના ધારાસભ્યો સહિતના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ આ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડીંડોર અને કચ્છના પ્રભારીમંત્રી પ્રફુલ પાનસેરીયાને રૂબરૂ મળીને રજુઆત કરી હતી.

---

## <u>કેન્દ્રી ચૂંટણી પંચ</u>

કેન્દ્રીય ચૂંટણી પંચે નિર્ણય લીધો કે, મતદાર ઓળખ કાર્ડને આધાર સાથે લિંક કરવાનું બંધારણના અનુચ્છેદ 326 અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1950 ની વિવિધ કલમો તેમજ સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ અનુસાર કરાશે.

આ નિર્ણય મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા ગઇકાલે નવી દિલ્હીમાં ગૃહ મંત્રાલય, કાયદા વિભાગ અને **UIDAI** ના મુખ્ય વહીવટી અધિકારી સાથે યોજાયેલી બેઠક દરમિયાન લેવાયો હતો.

---